COMMITMENT TO EXCELLENCE

# સ્મરણ યાત્રા
# ૨૦૧૫-૧૬

## અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



| | | |
|---|---|---|
| સંપાદન | : | શ્રી વિનોદ હકાણી |
| | | શ્રી શશીકાંતભાઇ વડીયા |
| સંકલન | : | શ્રી નેહલ ગઢવી |
| | | શ્રી આરીફ જેઠવા |
| હિસાબી અહેવાલ | : | શ્રી વિનુભાઇ રાઠોડ |
| | | શ્રી પ્રમોદભાઇ ગાંધી |
| ટાઇપ સેટીંગ્ઝ/લે-આઉટ | : | શ્રી મયુરભાઈ રાઠોડ |

## VISION:

To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative

## MISSION:

To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs

## લીગલ સ્ટેટસઃ-

- ટ્રસ્ટ રજી. નં. ઈ.૪૫૯ તા. ૨૫/૦૧/૧૯૮૦
- પી.ડબલ્યુ.ડી. એક્ટ ૧૯૯૫ રજી.નં. ૭૨/૯૭
- નેશનલ ટ્રસ્ટ રજી. નં. ૬૧૫ (એમ.આર) તા. ૦૩/૦૧/૨૦૧૨
- ઈન્કમટેક્ષ PAN-AAATA2757Q
- ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ રજી. નં.૦૪૧૯૮૦૦૬૨ તા. ૨૭/૦૧/૨૦૦૯ (સંસ્થા વિદેશી દાન માટે અધિકૃત છે)
- ડોનેશન ઈન્કમ ટેકસ એક્ટ સેક્શન ૮૦-જી (૫૦%) તથા ૩૫-એ.સી. અન્વયે (૧૦૦%) કરમુક્ત.

## સંપર્ક

'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
પ્લોટ નં.૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ,
ભાવનગર - ૩૬૪ ૦૦૨. (ગુજરાત - ભારત)
ફોનં નં.: (૦૨૭૮) ૨૫૬૬૯૫૬ / ૨૫૭૩૦૩૮

Ankur Special School for Mentally Retarded Children
Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956 / 2573038
E-mail: ankurmrschool.bvn@gmail.com
Visit us: www.pnrsociety.org

http://www.facebook.com/ankurmrschool

# પ્રસ્તાવના

**ઓપન માઈન્ડ ............ ઓપન ડોર.......**

બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ તથા અંકુર પરિવાર વતી અંકુરશાળાનું વર્ષ ૨૦૧૫-૧૬નું વિવરણ આપની સમક્ષ મુકતા આનંદ થાય છે.

વૈશ્વિકરણની રફતાર સાથે તાલ મિલાવવા પરંપરાગત તાલીમ અને કાર્યપધ્ધતિ ને સ્થાને નવા આયામ અને મોડયુલ સાથે સમર્પિત કવોલીફાઈડ સ્ટાફ અને પ્રોફેશનલ મેનેજમેન્ટના સમન્વયથી અંકુરના સતત વિકાસ સાથે તેની આગવી ઓળખ પણ ઉભી થઈ છે.

માનસિક વિકલાંગો પ્રત્યે ફકત સહાનુભૂતિ નહિ પરંતુ Charity to Parity સમાન અધિકાર, માનવિય ગૌરવ અને દિવ્યાંગો પ્રત્યે સામાજિક દ્રષ્ટિકોણમાં ખાસ્સો બદલાવ આવ્યો છે.

દિવ્યાંગોને મુખ્ય ધારામાં લાવવા અવરોધ મુકત 'સુગમ્ય ભારત' અભિયાન સાથે કેન્દ્ર તથા રાજ્ય સરકારે હાલમાં કેટલાય આવકારદાયક પગલા લીધા છે જે અભિનંદનીય છે.

આપણે પણ મતિમંદ બાળકો તથા તેના પેરન્ટસના સશકિતકરણ અને ઉત્કર્ષ સાથે સ્ટાફ પરિવારના કૌશલ્ય વર્ધન માટે સતત પ્રયત્નશીલ છીએ.

મંદબુધ્ધિના બાળકોને ટેબલેટ દ્વારા તાલીમ આપવાની આપણે પહેલ કરી ઈ. એજયુકેશનની દિશામાં પગલુ માંડયુ છે. આ માટે ડોકટર વસુબેન પારેખના અમે ખાસ આભારી છીએ.

નેશનલ ફેડરેશન 'પરિવાર' દ્વારા આયોજિત અને એન.આઈ.એમ.એચ. દ્વારા સ્પોન્સર્ડ ત્રિ-દિવસીય રીજીયોનલ પેરન્ટ મીટ (RPM) નું અંકુરના યજમાનપદે પી.એન.આર.સોસાયટીના સહયોગથી ખૂબ સુંદર આયોજન થયુ અને ગુજરાત-મહારાષ્ટ્રના વાલીઓ, વચ્ચે ઈન્ટરએકશન ઉપરાંત કેટલીય નામાંકિત સંસ્થા સાથે આપણા નેટવર્ક નો પણ વિસ્તાર થયો !

પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન કે. સાયબાણી ની આણંદ ખાતે સ્પેશ્યલ ઓલમ્પીક માં ઓફીશીઅલ તરીકેની નિમણુંકથી તથા ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજના કો-ઓર્ડીનેટર સુશ્રી રેશ્માબેન શાહનું નેશનલ સેમીનાર માં પેપર પ્રેઝેન્ટેશન, આપણી ફેકલ્ટીની ટેલેન્ટની નોંધ લેવી રહી.

મુંબઈ સ્થિત માનનીયશ્રી પ્રકાશભાઈ દેસાઈ તથા શ્રી જયેશભાઈ દેસાઈના પ્રવેશથી મેનેજમેન્ટ વધુ ગતિશિલ બન્યુ છે તથા દાનનો પ્રવાહ વધ્યો છે. તેમના દ્વારા આયોજિત મુંબઈની શૈક્ષણીક સંસ્થાઓની આપણા શિક્ષકો દ્વારા મુલાકાત થી નોલેજ શેરીંગ નો સુંદર અવસર પ્રાપ્ત થયો.

સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ માટે શ્રી પ્રકાશભાઈના પ્રયત્નથી શ્રી કે. એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ નું અનુદાન મળ્યુ જેથી અંકુર સ્ટાફ પરિવાર માટે મેડીકલેમ તથા તેના બાળકો માટે શૈક્ષણિક સહાય નો આરંભ થયો.

બેરીયરફ્રી ઈકોફ્રેન્ડલી પર્યાવરણમાં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોને વેલ્યુએડેડ શિક્ષણ, વોકેશનલ ટ્રેઈનીંગ વડે સ્વાવલંબન, ઈન્ડીપેન્ડેન્ટ લીવીંગ, જોબ પ્લેસમેન્ટ, રીક્ષાભાડા સહાય, યુનિફોર્મ સહાય, ફ્રી નિરામય સ્વાસ્થ્યવીમો, અવેરનેસ, એડવોકેસી સોશ્યલ ઈન્કલ્યુજન જેવી મલ્ટી ડાયમેન્શનલ એકટીવીટીનો વ્યાપ વધતો રહયો છે.

'' અમે માત્ર તેના આંસુ જ નથી લુછતા-તેને સ્મિત પણ આપીએ છીએ '' સંસ્થાની આ સોશ્યલ ફિલોસોફી છે.

દરેક કામ માટે તત્પર અને સક્રિય ઓફિસ સ્ટાફ, શૈક્ષણિક સ્ટાફ સહિત સૌનો આભાર વ્યકત કરુ છુ.
પેરન્ટબોડી પી.એન.આર સોસાયટી, ચેરમેનશ્રી નટવરભાઈ દેસાઈ, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી બાબાભાઈ, શ્રી પ્રકાશભાઈ અમારા ચાલક બળ છે.

કાર્યદક્ષ પારદર્શક વહિવટ, સમગ્ર સ્ટાફ પરિવાર ની કાર્યનિષ્ઠા, ઉદારદિલ દાતાઓ, વાલીઓ, સરકારશ્રી, મીડીયા અને શુભચિંતકોનો સહકાર તથા ઈશ્વરના આશિર્વાદથી અંકુર વધુ વિકાસ અને ઉત્કર્ષ માટે કટિબધ્ધ છે.

અમારી પાસે ભવિષ્યના વિશાળ લક્ષ્યો છે, તો આ સહિયારા સમર્પણ યજ્ઞમાં જોડાવા આપ સૌને આહવાન છે !
આપના મંતવ્યો ની અમને પ્રતિક્ષા રહેશે.

આભાર...


| અલ્પેશ કે. શેઠ | વિનોદ એન. હકાણી | પ્રકાશ દેસાઈ |
|---|---|---|
| માનદ્ મંત્રી | (માનદ્ ટ્રેઝરર) | (ચેરમેન સ્ટેન્ડીંગ કમીટી) |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અંકુર એક પરિચય | ૭ |
| ૨. | ટ્રેઈનીંગ, લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટ | ૧૩ |
| ૩. | વિશિષ્ટ પ્રસંગો, પ્રવૃતિઓ | ૧૭ |
| ૪. | અમારી ગુણોપાસનાની સમાજે લીધેલી નોંધ | ૨૭ |
| ૫. | એડલ્ટ વોકેશનલ એન્ડ ક્રિયેટીવીટી ટ્રેનીંગ સેન્ટર | ૨૯ |
| ૬. | નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી | ૩૦ |
| ૭. | ટીચર્સ ટ્રેઇનીંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન | ૩૧ |
| ૮. | દાન માટેની વિવિધ યોજનાઓ | ૩૩ |
| ૯. | મુલાકાતીઓ અને મહેમાનો ... | ૩૫ |
| ૧૦. | ઋણ સ્વિકાર | ૩૬ |
| ૧૧. | ‘અંકુર’ પરિવાર : સ્ટ્રેન્થ અને સ્ટ્રકચર | ૪૦ |
| | દાનની અપીલ | ૪૩ |
| | સંસ્થાની જરૂરીયાત યાદી | ૪૫ |
| | ફાઇનાન્સીયલ હાઇલાઇટસ | ૪૭ |

## HIGHLIGHTS OF ACTIVITIES
## ANKUR SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN, BHAVNAGAR

- DETECTION AND DIAGNOSIS CAMPS
- SCREENING AND ADMISSION
- PARENT'S COUNSELING



# ૧: અંકુર એક પરિચય

> સાવ અમારી જાત અલગ છે, કરવી છે તે વાત અલગ છે.
> સૂતેલાંના સ્વપ્ન અલગ ને જાગે તેની રાત અલગ છે.
> -રાજેન્દ્ર શુકલ

**૧. અંકુર એક પરિચય :**

વ્યકિત હોય કે સમુહ, કશુક કહેવાથી, કશુક કરવાથી અને કશેક હોવાથી જો સર્વજન હિતાય અને સર્વજન સુખાય થતુ હોય તો કર્યા કરીએ એવી દિક્ષા સાથે ''અંકુર'' પડકારરૂપ બાળકો નાં ક્ષેત્રે પગલું માંડતાં માંડતાં આજ સુધી ની સફળ અને જીવનમૂલ્ય ને સભર કરે આ વિકલાંગ જગત માટે નાં બદલાવ લાવતા લાવતા અહીં અને આજ સુધી ની યાત્રા કરી છે. અંકુર ની આખી વ્યવસ્થાનું કેન્દ્ર આ મંદબુધ્ધિ બાળકો જ છે. આમારી શાળા ની શરૂઆત અને હર વર્ષ ની શરૂઆત આ બાળકોના સ્વપ્નાઓ અને આશા ઓના મેઘધનુષ્ય રચવા સાથે થાય છે અને આ સફર ના સહપ્રવાસીઓ ઘણાં જ છે. જે પુનઃસ્થાપન ની યાત્રા માં સહભાગી અને સહયાત્રી રહયાં છે.

એમ કહેવાય છે, આદર્શ ન હોય તો ભટકી જવાય છે અને દ્રષ્ટી ન હોય તો નષ્ટ થઈ જવાય, આપણા હદય માં કોઈ શ્રધ્ધા, કોઈ આશા, કોઈ સ્વપ્ન, કોઈ ગીત, કોઈ દિશા અનિવાર્ય છે તોજ જીવનમાં અર્થ અને ગતી આવે છે, અમારા જીવન માં આદર્શ અને આધાર અંકુર ના મંદબુધ્ધિ બાળકો માટેની સુંદર આવતીકાલ છે. જેની માટે અમે પ્રયાસ કરીએ છીએ અને કાર્ય કરીએ છીએ, જેનું આ સરવૈયું છે, તો ચાલો એક વર્ષની ૧૮૦ મંદબુધ્ધિ બાળકો નાં શ્વાસ, ૪૦ સ્ટાફ મિત્રો નાં અથાગ પ્રયત્નો, અનેક વાલી ની આશાઓ અને દાતાઓ, શુભેચ્છક મિત્રો ના સહયોગ નો આ ચિતાર છે ..........



## ૧.૧ વિદ્યાર્થીઓની સંખ્યા.

| વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૪ - ૨૦૧૫ | ૯૮ | ૪૯ | ૧૪૭ |
| ૨૦૧૫ - ૨૦૧૬ | ૯૩ | ૪૬ | ૧૩૯ |
| એડલ્ટ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર | ૧૯ | ૦૬ | ૨૫ |

## ૧.૨. જનજાગૃતિ અને તપાસ નિદાન કેમ્પ



તા. ૧૧/૦૮/૨૦૧૫ ના રોજ સ્વામીનારાયણ ગુરૂકુલ શાળા ખાતે મંદબુધ્ધિ અંગે જનજાગૃતિ કેમ્પ યોજાયેલ. જે અંતર્ગત 'મંદબુધ્ધિ એટલે શું? તેના લક્ષણો, કારણો, પ્રકારો તથા ઉપાયો' વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી તેમજ શ્રી હરદીપભાઈ કામળીયાએ વિસ્તૃત માહિતી પુરી પાડેલ. જેમાં ધોરણ ૯, થી ૧૨ ના કુલ ૧૪૦ બાળકો હાજર રહેલ.

## ૧.૩. મેડીકલ કેમ્પ ...

### 'અંકુર' શાળામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ



તાજેતરમાં તા. ૨૯/૦૧/૨૦૧૬ના રોજ અંકુર શાળામાં ગુજરાત સરકાર દ્વારા ચાલતા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાના કુલ ૧૨૫ બાળકોની તપાસ કરવામાં આવેલ જેમાં વધારે તકલીફ ધરાવતા ૪૦ બાળકોને સંદર્ભ કાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ. આ આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં ડો. હાર્દિક ચૌહાણ પીડીયાટ્રીક તેમજ ડો. સારંધા શ્રીવાસ્તવ સાઈકીયાટ્રીક (સર.ટી. હોસ્પિટલ) ઉપસ્થિત રહી પોતાની સેવાનો લાભ આપેલ શાળાના મદદનિશ શિક્ષક શ્રી પારસભાઈ પરમારે સમગ્ર કેમ્પનું આયોજન કરેલ.

## ૧.૪. વિવિધ થેરાપીઓ ...

### ૧.૪.૧ .મ્યુઝિક થેરાપી.




મંદબુધ્ધિ બાળકનો બૌધ્ધિક વિકાસ સાધારણ બાળક કરતા ઓછો હોય છે પરંતુ તે સિવાય ઘણી બાબતોમાં અન્ય બાળકો જેવા જ હોય છે. તેથી તેમની ઉપર પણ વિવિધ પરિસ્થિતિઓ, ભાવો, લાગણીઓ, વાતાવરણ, ઋતુઓ અન્યની જેમ અસર કરે છે. તે જ રીતે સંગીત પણ અસર કરે છે. સંગીતના સૂર અને તાલની મદદથી બાળકોની એકાગ્રતામાં વધારો થાય છે. તેમનામા ધીરજ કેળવાય છે, આત્મવિશ્વાસમાં વધારો થાય છે. તેમજ બાળકો સંગીતની દ્વારા આનંદ તથા ઝડપથી શીખે છે.

| | |
|---|---|
| કુલ વર્ગો : ૫૭૦ | કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૧૨૦ |

## સકસેસ સ્ટોરી -

**બાળકનું નામઃ- મિરાણી મન્નાન અમીનભાઈ**     **ઉંમરઃ- ૧૨ વર્ષ**

**આઈ.કયુ. ૩૫ થી ૪૯**     **વર્ગઃ- પ્રાયમરી-૧**

૨૦૦૯ની સાલમાં 'અંકુર' શાળામાં એડમિશન લેનાર ૬ વર્ષની ઉંમરનું એક અતિ ચંચળ બાળક નામ ''મન્નાન'' વર્ગમાં સતત આંટા મારવા, વારંવાર વર્ગની બહાર ભાગી જવું, રિસેશમાં અલગ-અલગ વર્ગમાં જઈ અન્ય બાળકોનો નાસ્તો જુટવી લેવો, સતત એ બાબતે ખોટું બોલવું, શીખવાની ક્ષમતા હોવા છતાં ૫ મિનિટથી વધુ વર્ગની કોઈપણ પ્રવૃત્તિમાં ધ્યાન ન આપવું, બીજા બાળકોને હેરાન કરવા, અસંગત બોલ-બોલ કરવું, રમકડા કે અન્ય વસ્તુઓ તોડી નાંખવી, કાગળો ફાડી નાંખવા અને બીજી ઘણીં બધી વર્તન સમસ્યાઓ સાથે બાળક રોજ શાળાએ આવતું.



તેની માતા પણ તેના આ વર્તનથી દુઃખી થઈને અને થાકીને શિક્ષિકા બહેનો પાસે રડતી. કા.કે. ઘરે પણ મન્નાનનું વર્તન અસામાન્ય જ રહેતું. ભાઈ-બહેનોને અને માતાને ખૂબ હેરાન કરતો, આજુ-બાજુના બાળકો અને તેની વસ્તૂઓને નુકશાન પહોંચાડતો ગુસ્સાની કે ખીજાવાની બહુ લાંબી અસર આ બાળકને રહેતી નહિં. થોડી જ ક્ષણોમાં તે હતો એવો ને એવો જ થઈ જતો.

ધીરે-ધીરે શિક્ષકોએ તેની વર્તન સમસ્યાને ધ્યાનમાં લઈ તેની સાથે કાર્ય કરવાનું શરૂ કર્યું. શિક્ષકોએ એની સાથે દોસ્તી કરી અલગ-અલગ બિહેવીયર મોડીફીકેશનની ટેકનીકનો તેના પર ઉપયોગ કર્યો. થોડા અંશે સફળતા પણ મળી. પણ લાંબા સમય સુધી મન્નાનનું ધ્યાન કોઈ પ્રવૃત્તિમાં સ્થિર થાય તેવું હજુ પણ બનતું નહિં. અને બોલ-બોલ કરવાની આદત પણ એટલી જ રહી.

પાંચ વર્ષ દરમ્યાન મન્નાન જે પણ વર્ગમાં હતો તેમાં તેને મ્યુઝિક થેરાપીનો લાભ પણ મળતો. મ્યુઝિક રૂમમાં આવી ખંજરી, તબલા વગાડવા તેને બહુ ગમતા એટલે આ રૂમમાં તે પ્રમાણમાં લાંબા સમય સુધી શાંત બેસતો. અને શાસ્ત્રીય રાગ આધારિત સંગીત બેગ્રાઉન્ડમાં શરૂ હોવાથી તેનું ધ્યાન સ્થિર થતું.

વર્ષ ૨૦૧૫-૧૬ની શરૂઆત મન્નાન હવે ૧૨ વર્ષનો થયો હતો. તે ઘણોં સ્થિર થઈ રહયો હતો. એ સાથે આ વર્ષ મ્યુઝિક થેરાપીમાં પણ મન્નાનને વ્યકિતગત તાલીમનો લાભ આપવાનું શરૂ કર્યું તબલા અને ખંજરી સાથે એક જ લયમાં રિધમ વગાડતા શીખવવાનું તેના ચંચળ સ્વભાવ પ્રમાણે બહુ અઘરું કાર્ય હતું. પરંતુ ધીરે-ધીરે તેનામાં એક લય આવતી ગઈ. તેના અતિ ચંચળ સ્વભાવની ઊર્જા સંપૂર્ણ પણે ખંજરી કે તબલાની લયમાં સમાઈ ગઈ. આજે વર્ષના અંતે મન્નાન પિસતાલીસ મિનિટ જેવા લાંબા સમયમાં સતત સ્થિર બેસી એકધારી રિધમ વગાડે છે. તથા અન્ય બાળક સાથે પણ સંપૂર્ણ સમૂહ ભાવના સાથે અલગ-અલગ વાદ્યો દ્વારા રિધમ વગાડે છે. તેના જીવનની લયને જાણે એક મીઠો વળાંક મળી ગયો હોય આજે તેની માતાની આંખોમાં બાળકમાં આવેલ આ હકારાત્મક ફેરફાર જોઈ હર્ષના આંસુ આવે છે. એકાગ્રતા અને સ્થિરતામાં વધારો થવાથી મન્નાન અન્ય પ્રવૃત્તિમાં પણ વધુ સારું પરિણામ આપી રહયો છે. તેને પોતાને પણ આ બદલાવથી આનંદ હોય તેવું લાગે છે.

''વિશ્વાસમાં ભલે કોઈ તર્ક ન હોય પણ ફર્ક ચોકકસ પડે છે.....'' સંગીતની મદદથી મન્નાનમાં હકારાત્મક ફર્ક પડશેજ એવો કોઈ તર્ક ન હતો. પણ મ્યુઝિક થેરાપીસ્ટ તરીકે વિશ્વાસ ખૂબ જ હતો. મન્નાનમાં ફર્ક થી હું સંગીતની ખૂબજ આભારી છું.

ડો. ભાવના અંધારિયા (M.A. Ph.D, B.ed.MR.)
(મ્યુઝીક થેરાપીસ્ટ, સ્પેશીયલ એજયુકેટર)

## ૧.૪.૨. ફિઝીયોથેરાપી.

Physiotherapy એટલે કસરત દ્વારા થતી વિવિધ રોગોની સારવાર, મંદબુધ્ધિવાળા બાળકોમાં જોવા મળતી ખામીઓમાં સ્નાયુ નું અકકડપણુ, ઢીલાપણુ, પગમાં ખાડો ન હોવો, ચાલવા બેસવાની ખોટી રીતો, આ ઉપરાંત Obecity (મેદસ્વીતા) પણ જોવા મળે છે.

ઉપરોકત ખામીઓ માં કસરત દ્વારા સુધારો લાવી શકાય છે. અલગ-અલગ Treatment Plan બનાવી દરેક બાળકોમાં જરૂરીયાત મુજબ સારવાર આપી ક્ષતીઓ દુર કરી શકાય છે.



| કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૩૯ | કુલ સેશન : ૧૪૨૯ |
|---|---|



*<u>સકસેસ સ્ટોરી -</u>*

*બાળકનું નામ :- પાદરશી હમઝા* *ઉંમર :- ૬ વર્ષ*

*આઈ.કયુ. ૩૫ થી ૪૯* *વર્ગ :- કેર ગૃપ-૧*

હમઝા કે જેને Lower Limb Muscle Weakness, Ring sitting posture, pelvic girdle muscle flaccidity present જેવી તકલીફો હતી જેના કારણે બાળક ઉભો જ થઈ શકતો ન હોતો. બેસી ને પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકતો ન હતો. જયાં બેસે ત્યાંજ સ્થીર રહેતો. September 2015 થી બાળકને નિયમીત કસરત કરાવવામાં આવેલ જેમાં Muscle strengthening positioning, MMT, weight cuff exe. વગેરે Physiotherapy treatment આપવામાં આવેલ April 2016 સુધીમાં કુલ ૩૪ જેટલા Session લીધેલ જેમા બહુ જ ફેરફાર જોવા મળેલ. હાલ તે પોતાની જાતે ઘણા અંતર સુધી ચાલી શકે છે. અને દાદરા પણ ચડી ઉતરી શકે છે.

ડો. રાધિકા રાઠોડ
(ફિઝીયો થેરાપીસ્ટ)

### ૧.૪.૩. સ્પીચ થેરાપી.

મંદબુધ્ધિ હોવું તે એક સ્વયમ્ મોટી સમસ્યા છે. તેની સાથે અનેક સમસ્યા ઓ પડછાયા ની જેમ સાથે જોવા મળે છે. જેમાં ભાષા-વાણી ની સમસ્યા આમ દેખાય આવે તેવી છે. તમે ક્ષણવાર પણ મૌન રહેવાનું વિચારો અને તમારા મન ની વાત તમારી જરૂરિયાત તમે કહો જ નહી અને તે ગૂંગળામણ ની કલ્પના કરી શકો છો ? આવી જ સ્થિતિ, ઘણા જ મંદબુધ્ધિ બાળકો ની હોય છે. કયારેક તેમના માં બધીજ ક્ષમતા હોવા છતાં આ ભાષા-વાણી ની સમસ્યાં ને કારણે તેઓ દૈનિક જીવન માં સામાન્ય જીવન જીવવા ની અંતત્ય મુશ્કેલી ઉત્પન્ન થાય છે.

'અંકુર' ની તમામ તાલીમ પાછળ મુખ્ય આશય તેમની સ્થિતિ માં મહતમ સુધારા લાવી તે જીવન ની શ્રેષ્ઠતા સુધી લઈ જવાંનું છે. તેથી તેમની ભાષા-વાણી ની સમસ્યા ને શકય હોય ત્યાં સુધી દુર કરવાના પ્રયત્ન કરે છે, દરેક બાળક નું પ્રાથમિક પરીક્ષણ પછી તેમની માટે ચોકકસ પ્લાન બનાવવામાં આવ્યો છે. દરેક બાળકને અઠવાડિયા માં બે વાર અહીં જવાનું હોય છે. સ્પીચ થેરાપીસ્ટ દ્વારા વર્ગ શિક્ષક તેમજ વાલી ને સુચના આપવામાં આવેલી હોય છે. તેમજ કે વર્ગ ની પ્રવૃત્તિ દરમ્યાન કે ઘરે કઈ પ્રકાર ની થેરાપી આપવી જેના લીધે બાળક નો ભાષા વિકાસ ની પ્રવૃત્તિ ને વેગ મળે છે.

| કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૪૨ | કુલ સેશનઃ ૭૪૩ |
|---|---|

***<u>સકસેસ સ્ટોરી -</u>***

***બાળકનું નામઃ- સોનિયા નરેશભાઈ ડોડેજા*** ***ઉંમરઃ- ૧૦ વર્ષ***

***આઈ.કયુ. ૫૦ થી ૬૯*** ***વર્ગઃ- પ્રી પ્રાયમરી-૧***



સોનિયા નરેશભાઈ ડોડેજા જેણે વર્ષઃ- ૨૦૧૩-૧૪માં ''અંકુર'' શાળામાં ચાર વર્ષની ઉંમરે એડમિશન લીધેલ શરૂઆતનાં સમયમાં બાળક મંદબુધ્ધિ સાથે તેને સ્પીચનો પણ પ્રોબ્લેમ હતો. કશું વ્યકત પણ કરી શકતી નહોતી. સોનિયા સ્વભાવે અતિચંચળ જેમકે બાળક પોતાનાં ઘેરથી પણ આજુ-બાજુમાં ભાગી જતું શાળામાં કલાસમાંથી પણ ભાગી જતું બીજા બાળકોને મારવું-બટકા ભરવા જેવી વર્તન સમસ્યા પણ હતી. સોનિયા કલાસરૂમમાં બાથરૂમ-ટોઈલેટ પણ કરી જતી પોતાની જાતે જમી પણ શકતી નહોતી નીચે ઢોળીને જમે નીચે પડેલું ગંદુ ખાય આવી સોનિયા ને પિતા તરફથી પણ પ્રેમ મળેલો નહી. પિતાએ આ બાળક મંદબુધ્ધિ હોવાનાં કારણે છોડી દીધા. ગુજરાતીમાં કહેવત છે કે ''ગોળ વિનાનો મોળો કંસાર માતા વિનાનો સુનો સંસાર'' ઈશ્વર કદાચ બધે પહોંચી ન શકે માટે તણે માં નું સર્જન કર્યું છે. આવી માતા સતત બાળકનાં આ પ્રકારનાં વર્તન થી ચિંતીત રહેતી માતા કપડાંને ઈસ્ત્રી કરી પોતાનું અને પોતાના બાળકનું ભરણ પોષણ કરે છે. સોનિયામાં જે વર્તન-સમસ્યાઓ હતી. તે ધીમે-ધીમે ઓછી થતી ગઈ શાળમાં ચાલતી સ્પીચ થેરાપીમાં સ્પીચની ટ્રેનીંગ લેતી થઈ સ્પીચમાં પણ એક સીટીંગમાં ન બેસવું એકટીવીટી માં મન ન લગાડવું જેવું વર્તન કરતી સ્પીચમાં શરૂઆતમાં માત્ર નાના-નાના શબ્દનુંજ ઉચ્ચારણ કરતી ધીમે-ધીમે થેરાપીસ્ટ સાથે રેપો બિલ્ડપ થયો. અને ઓરલ-મોટર મસાજ થેરાપી આપવામાં બેબી-બ્રશ વડે મધ સાથે સોનિયાને માઉથ ની અંદર મસાજ આપવામાં આવે છે. ધીમે-ધીમે


સોનિયા આ............ઈ...........ઉ.............નું ઉચ્ચારણ કરતી થઈ સોનિયા બોલી શકશે એવી આશા બંધાણી કોમ્પ્યુટરમાં બાલગીત ની સીડી વિડિયો સીડી જોવી ગમે સોનિયા ઈશારાથી બાલગીત જોવું છે. તેવું ટિચરને કહે અને સોનિયા આનંદિત થાય સ્ટ્રોવડે પાછી ફૂંક પણ લેવાનો પ્રયત્ન કરે છે, વોકેલાઈઝેશન થેરાપી આપવાની શરૂઆત કરી જ્યારે બાળક કા, પા, મા, ના, દા, ટા જેવાં કાના વાળા શબ્દો પણ સોનિયા બોલે છે. કાકા,મામા, દાદા, નાના, ટાટા, જા, આપો, જેવાં શબ્દો બોલે છે. સોનિયા કલાસ ટિચરનું નામ પણ તેને બોલાવવાથી બોલે છે. ‘‘નાસ્તો’’ શબ્દ પણ સોનિયાને બોલાવવાથી તે બોલે છે. સીકસાઉન્ડરી ટેસ્ટ દ્વારા સોનિયાને થેરાપી આપવામાં આવે છે.

### ૧.૪.૪. નવતર અભિગમ-ટેબલેટ દ્વારા તાલીમ

અદ્યતન પ્રવાહો થી ટેકનોલોજી નાં અદભૂત વિકાસ થી જગત આંગળી નાં ટેરવે રમવા લાગ્યું છે. જીવન ગતિ સાથે આ મંદબુધ્ધિથી બાળકોનું જગત પણ અનુસંધાન સાધી શકે તે માટે અંકુર હંમેશા અગ્રેસર રહયું છે. આપણે વર્ષો થી આ મંદબુધ્ધિ બાળકોને Computer ની મદદ થી શિક્ષણ આપીએ છીએ. તેઓ પોતાની જાતે Computer ચાલુ, બંધ તેમજ તેના પર કાર્ય કરી શકે છે. અને શિક્ષણની સંકલ્પના શીખવામાં સહાયરૂપ થાય છે. હવે, આપણે બાળકોને ટેબલેટ ની સગવડ પણ આપીએ છીએ.

ટેબલેટ પોતાના હાથ માં રાખી ને તેઓ ખૂબજ સભાનતાપૂર્વક ટેબલેટ નો ઉપયોગ કરે છે. ટેબલેટ માં તેમની ક્ષમતા, તેમના પર તેમજ તેમની શિખવાની જરૂરિયાત અને અભ્યાસક્રમ મુજબ નાં વિવિધ પ્રોગામ સેટ કરેલા છે. જેનો ઉપયોગ તેઓ નિપૂણતા થી કરે છે અને પોતાની જાત પર આત્મવિશ્વાસ કેળવે છે અહીં તૂટી જવાનો, પડી જવાનો કોઈ ખીજાશે, બીજીવાર આપશે નહિ એવાં કોઈ ભય વગર પોતાની મસ્તી માં અદ્યતન ટેકનોલોજી સાથે શિક્ષણ પ્રાપ્ત કરી રહયાં છે. જેનો સંસ્થા ને ખૂબ આનંદ છે કે તેઓ સમય ના પ્રવાહ માં આ મંદબુધ્ધિ બાળકો ને પહોંચાડી શકયાં.





## ૨. ટ્રેઈનીંગ, લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટ

> લોકો પાસેની સલાહ, જરૂર લો પણ યાદ, રાખજો કે તમારી બાબતમાં,
> તમારા જેટલું જાણકાર બીજું કોઈ નહીં હોય. - જય વસાવડા

### સંસ્થાની વાર્ષિક મીટીંગ (AGM) ...

તા. ૦૯/૦૮/૨૦૧૫ ટ્રસ્ટ બોર્ડ ની વાર્ષીક સાધારણ સભા આ સભામાં વર્ષનો વાર્ષીક અહેવાલ મંત્રીશ્રી અલ્પેશભાઈ કે. શેઠ દ્વારા રજુ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૪-૧૫ના વાર્ષીક હિસાબો માનદ્ ટ્રેઝરરશ્રી વિનોદરાય એન. હકાણી દ્વારા રજુ કરવામાં આવ્યા જેને બહાલી આપવામાં આવી. વર્ષ ૨૦૧૫-૧૬ના ટ્રસ્ટ ના તથા ટ્રેઈનીંગ કોલેજના બજેટને મંજુરી આપવામાં આવી.



### ૨.૧ બુધસભા, સંવાદો, સ્નેહ અને સમજનું આદાન–પ્રદાન

- તા. ૧૩/૦૬/૨૦૧૫
  
  સ્ટાફ માટે અંગ્રેજીના વર્ગો.
- તા. ૨૪/૦૭/૨૦૧૫
  
  IEP, ADL તાલીમ અને અભ્યાસક્રમ તૈયાર કરવા અંગે ચર્ચા-વિચારણા.
  
  પોતાના વર્ગની જરૂરીયાત મુજબ TLM બનાવવા અંગે માર્ગદર્શન.
- તા. ૦૧/૦૮/૨૦૧૫
  
  શ્રીકૃષ્ણ શરણમમની મીટીંગમા આપણી શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી હાજર રહેલ તથા ભાવનગરમાં પેરેન્ટસ મીટ યોજવાઅંગે ચર્ચા વિચારણા કરી.

➜ તા. ૦૭/૦૮/૨૦૧૫

વિપશ્યના સાધના અંગે માહીતી સેમીનાર

➜ તા. ૦૮/૦૮/૨૦૧૫

શિક્ષકો સાથે શ્રી પ્રકાશભાઇ દેસાઇ અને જયેશભાઇ દેસાઇ દ્વારા વિચાર ગોષ્ઠી તથા પ્રકાશભાઇ દેસાઇ તરફથી શિક્ષકોએ મેળવેલા વિશિષ્ઠ એવોર્ડ ને બિરદાવવા માટે શિક્ષકો અને સ્ટાફ માટે ભોજન સમારંભ.

➜ તા. ૨૨/૦૮/૨૦૧૫

વાલી મંડળ ની રચના માટેની મીટીંગ

➜ તા. ૨૬/૦૮/૨૦૧૫

રક્ષાબંધન અને જન્માષ્ટમી ની ઉજવણી ની કામગીરી ની વહેંચણી અંગે તથા પેરેન્ટીંગ ફોર પીસ સેમીનાર અંગે.

➜ તા. ૩૧/૦૮/૨૦૧૫

'પરિવાર' ના ઓલઇન્ડીયા ચેરમેન કર્નલ ડો. વી.કે. ગૌતમ, નાયબ અધ્યક્ષ શ્રી વિષ્ણુભાઇ પટેલ તથા અન્ય બે હોદેદારો સાથે પેરેન્ટસ મીટના આયોજન અંગે મીટીંગ યોજાયેલ.

➜ તા. ૧૮/૦૯/૨૦૧૫

રીજીયોનલ પેરેન્ટસ મીટ અંગે વિવિધ સમીતીની રચના.

➜ તા. ૨૨/૦૯/૨૦૧૫ના

રોજ સ્ટેન્ડીંગ કમીટી ની મીટીંગ યોજાઇ આ મીટીંગ માં તા. ૨૪/૨૫ ઓકટોબર ના રોજ પેરેન્ટસ મીટ સેમીનાર નું આયોજન કરવા માટે ના ખર્ચને બહાલી આપવામાં આવી.

➜ તા. ૧૨/૧૦/૨૦૧૫ના

રોજ જીલ્લા સમાહર્તા ની અધ્યક્ષતા માં નેશનલ ટ્રસ્ટની લોકલ લેવલ કમીટી ની મીટીંગ યોજાઇ ગઇ. જેમા સંસ્થાના માનદ્ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ.

➜ તા. ૧૪/૧૦/૨૦૧૫

PNR સોસાયટીના ચેરમેન શ્રી નટવરભાઇ દેસાઇ સાથે સ્ટાફ મીટીંગ થયેલ.

➜ તા. ૧૫/૧૦/૨૦૧૫

રીજીયોનલ પેરેન્ટસ મીટ ની કામગીરીનો રીવ્યુ.

➜ તા. ૨૧/૧૦/૨૦૧૫

રીજીયોનલ પેરેન્ટસ મીટની તૈયારી ઓને આખરી સ્વરૂપ તથા કામગીરી ની વહેંચણી.

➜ તા. ૦૪/૧૧/૨૦૧૫

નવરાત્રી તથા રીજીયોનલ પેરેન્ટ મીટની સફળતા બદલ સ્ટાફ મિત્રોને શુભકામનાઓ પાઠવામાં આવેલ.

➜ તા. ૦૭/૦૧/૨૦૧૫

PNR સોસાયટી ૯,૧૦ જાન્યુઆરીના પ્રોગ્રામ અંગેની ચર્ચા વિચારણા.

➜ તા. ૧૦/૦૨/૨૦૧૬

નિરામયા પોલિસી અંગે, સરાસરી હાજરી, ગાંધીનગર પ્રવાસ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

➜ ૨૪/૦૨/૨૦૧૬

પ્રોગ્રેસીવ કમીટીની મીટીંગ મળેલ.

➜ ૨૯/૦૨/૨૦૧૬

સરાસરી હાજરી તેમજ પ્રવાસ અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

➜ ૨૦/૦૪/૨૦૧૬

સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગ મળેલ જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ નું બજેટ, સ્ટાફ વેલ્ફેર સ્કીમના નિયમો પ્રોગ્રેસીવ કમીટીની કાર્યવાહી તથા સ્ટાફના વાહન ખર્ચમાં વધારો તથા શાળામાં C.C. T.V. કેમેરા બેસાડવાના નિર્ણયો લેવાયા.

## ૨.૨. વાલી મિટીગ...

### અર્ધ વાર્ષિક વાલી મીટીગ

૨૮/૧૦/૨૦૧૫ બુધવાર ના રોજ અર્ધવાર્ષિક વાલી મીટીંગ નું આયોજન કરવામાં આવેલ અને તેમાં હાજર રહેલ ૧૦૫ વાલીઓએ પોતાના બાળકની પ્રગતી વિષે જે-તે શિક્ષક પાસેથી માહીતી લઇ રૂબરૂ ચર્ચા કરેલ. વાલીઓએ તેમના બાળકો માટે અંકુર દ્વારા આપવામાં આવતા શિક્ષણ, જ્ઞાન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સંતોષ વ્યકત કરેલ.







### વાર્ષિક વાલી મીટીગ

તા. ૨૩/૦૪/૨૦૧૬ના રોજ શાળાની વાર્ષિક વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલ. તેમજ બાળકોનો પ્રગતિ અહેવાલ આપવામાં આવેલ, સાથો સાથ પાવર પોઇન્ટ પ્રેઝનટેશન દ્વારા વિવિધ થેરાપીઓમાં મેળવેલ સીધ્ધીઓ તેમજ સ્કૂલની વિવિધ એકટીવિટીઓ વિશે માહિતી આપવામાં આવેલ. તેમજ આચાર્યશ્રી મેઘજીખાન દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય પ્રવૃત્તિઓ અંગેની વાત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ તેમજ માનદ્ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થીત રહેલ. સાથો સાથ બેંક વર્કસ એસોસીએશનના સભ્યો પણ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે બેંક વર્કસ એસોસીએશન તરફથી રૂા. ૨૧,૦૦૦/- યુનિફોર્મ માટે અનુદાન આપવામાં આવેલ.

### રિવ્યુ મીટીગ

તા. ૨૭/૦૪/૨૦૧૬ના રોજ રિવ્યુ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં દરેક સ્ટાફ મિત્રો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વર્ગ ઉપરાંતની કામગીરી વિશે માહિતી આપેલ.

## ૨.૧ વર્કશોપ, સેમિનાર, ટ્રેઈનિંગ, વિગેરેમાં પ્રતિનિધિત્વ

- ➜ તા.૦૮/૦૯/૨૦૧૫ થી ૧૦/૦૯/૨૦૧૫ સુધી નટરાજ ટ્રેઈનીંગ કોલેજ ખાતે 'બીહેવીયેર મોડીફીકેશન' ઉપર CRE યોજાએલ જેમા આપણી શાળાના સર્વશ્રી મેઘજીખાન સાયબાણી, પારૂલબેન પાઠક, રીધ્ધીબેન મહેતા, હરદીપભાઇ કામળીયા તથા આરીફભાઇ જેઠવાએ ભાગ લીધેલ.
- ➜ તા. ૧૧/૦૯/૨૦૧૫ થી ૧૫/૦૯/૨૦૧૫ સુધી 'રીસર્ચ મેથોડોલોજી' ઉપર રીફ્રેશર કોર્સ સરદાર પટેલ યુનિવરર્સીટી વલ્લભવિદ્યાનગર ખાતે યોજાયેલ જેમા આપણી શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી અને રેશ્માબેન શાહ પસંદગી પામેલ અને તેમણે કાર્યક્રમમાં ભાગ લીધેલ.

### અમદાવાદ ખાતે એક દિવસીય સેમીનાર

અમદાવાદ બી.પી.એ. દ્વારા તા. ૧૫/૦૯/૨૦૧૫ના રોજ એકસેસીબલ ઈન્ડીયા કેમ્પેઇન એન્ડ ઈન્કલુઝીવ લાઇવલીહુડ એન્ડ સ્કીલીંગ ઓફ PWDS ઉપરનો એક દિવસીય સેમીનાર મીનીસ્ટ્રી ઓફ શોસ્યલ જસ્ટીસ ગર્વનમેન્ટ ઓફ ઈન્ડીયા ના સેક્રેટરી શ્રી મુકેશ જૈન ના અધ્યક્ષ પદે યોજાયેલ અંકુર તરફથી એ.ઓ.શ્રી શશીકાંત વડિયા તથા મદ. શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ ઉપસ્થીત રહેલ.

### રાષ્ટ્રીય સેમિનારમાં પેપર પ્રેજન્ટેશન કરતાં શ્રી રેશ્માબેન શાહ

તા. ૩૦/૦૧ અને ૩૧/૦૧/૨૦૧૬ એમ બે દિવસનો એક રાષ્ટ્રીય સેમિનાર આદિપુર (કચ્છ) ખાતે યોજાઈ ગયો. એચ.આર. ગજવાની કોલેજ અને નેશનલ કાઉન્સીલ ઓફ ટીર્ચસ એજ્યુકેશન (NCTE, ગુજરાત ચેપ્ટર) ના સંયુકત ઉપક્રમે આ સેમિનાર "Skill Development throught Education" વિષય પર યોજાયો. આ સેમિનારમાં ઉપરોકત વિષયના પેટા વિષયોમાનો એક વિષય "Skill Development for Socially Disadvantage Group ( Differently abled) પર 'અંકુર' શાળાના સ્પે. એકજ્યુકેટર (રીહેબીલીટેશન સાયકોલોજીસ્ટ) શ્રી રેશ્માબેન શાહે પેપર રજૂ કરેલ. પ્રથમ પેપર અને એબસ્ટ્રેક મોકલાવેલ ત્યારબાદ પેપર સિલેકશન કમિટિ દ્વારા પેપર સિલેકટ થયેલ અને પ્રેજન્ટેશન માટે શ્રી રેશ્માબેનને બોલાવેલ. શ્રી રેશ્માબેન શાહે સુંદર રીતે પેપર પ્રેજન્ટ કરી ત્યાં હાજર સભ્યો અને કોલેજના પ્રોફેર્સસ દ્વારા દાદ મેળવેલ. અભિનંદન શ્રી રેશ્માબેન શાહ.

- ➜ તા. ૧૩/૧૨/૨૦૧૫ ના રોજ નટરાજ કોલેજ ખાતે PNR સોસાયટીની દરેક સંસ્થાઓના સમાજ સુરક્ષા ખાતાના કર્મચારીઓ શિક્ષકો તેમજ સંસ્થાના અધિકારીઓ માટે એક કાયદાકીય તેમજ વિવિધ યોજનાની માહિતી અંગેનો સેમીનારનું આયોજન કરવામા આવેલ આ સેમીનારમાં જિલ્લા કલેકટરશ્રી બંછાનિધી પાની, સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમા, સંસ્થાના ટ્રેઝરરશ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. વિશેષમાં શ્રી વિનુભાઈ હકાણીએ રીસોર્સ પર્સન તરીકે વિકલાંગો માટેની વિવિધ યોજનાઓ વિશે ખૂબજ સુંદર માહિતી પુરી પાડેલ.
- ➜ તા. ૦૮/૧૨/૨૦૧૫ના રોજ અમદાવાદના બ્લાઈન્ડ પીપલ એસોસીએશન દ્વારા આયોજીત નેશનલ ટ્રસ્ટ અંગેના સેમીનારમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીએ ભાગ લીધેલ.
- ➜ તા. ૨૮/૧૨/૨૦૧૫ થી ૦૧/૦૧/૨૦૧૬ દરમ્યાન શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણીએ અમદાવાદ ખાતે આયોજીત CRE પ્રોગ્રામમાં ભાગ લીધેલ.
- ➜ સમાજ સુરક્ષા ખાતુ તેમજ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સીટી ગાંધીનગર દ્વારા આયોજીત સાયકોલોજી દિવસની ઉજવણી પ્રસંગે યોજેલ સેમીનારમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી હાજર રહેલ.
- ➜ તા. ૨૯/૧૨/૨૦૧૫ના રોજ સમાજ સુરક્ષા ગાંધીનગર ખાતે ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા જેમાં શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી આરીફભાઈ જેઠવા ઉપસ્થિત રહેલ
- ➜ ગાઈડ સ્ટાર India તરફથી NGO માં ટ્રાન્સપરન્સી અને એકાઉન્ટેબલીટી માટેના એક દિવસીય સેમીનાર નું અમદાવાદ ખાતે આયોજીત થયેલ જેમાં શ્રી શશીકાંતભાઈ વડીયાએ ભાગ લીધેલ.
- ➜ જિલ્લા સમાજ સુરક્ષા ખાતા દ્વારા તા. ૧૬/૦૧/૨૦૧૬ના રોજ ફસ્ટ એઈડની તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી તેમજ શ્રી પારૂલબેન, શ્રી હરદિપભાઈ, શ્રી પારસભાઈ, શ્રી રિધ્ધીબેને ભાગ લીધેલ.
- ➜ જિલ્લા સમાજ સુરક્ષા ખાતા દ્વારા તા. ૩૦/૦૧/૨૦૧૬ના રોજ જસ્ટીસ જુવેનાઈલ એકટ વિશે એક દિવસિય સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમા શ્રી આરીફભાઈ જેઠવા, શ્રી કોમલબેન રૂપેરા, તેમજ શમીમબેન મકવાણાએ ભાગ લીધેલ.

# ૩ : વિશિષ્ટ પ્રસંગો, પ્રવૃતિઓ અને પ્રતિનિધિત્વ

> જ્યારે તમને સાચાં, પ્રેમ-લાગણીની જરૂર હોય છે. ત્યારે તમારી પાસે કેટલી બધી, સંખ્યામાં ભૌતિક ચીજો છે તે વાત ગૌણ બની જાય છે.

## ૩.૧. પ્રસંગો અને ઉત્સવો મંદબુદ્ધિ બાળકોની પરિભાષા

### શાળા પ્રવેશોત્સવ

તા.૦૯/૦૭/૨૦૧૫ ના રોજ શ્રી ભુપતભાઈ વ્યાસ (પ્રમુખશ્રી, ભાવનગર પ્લાસ્ટીક મેન્યુ. એસોસીએશન) ના અતિથિ વિશેષ પદે પ્રવેશોત્સવ યોજાયેલ. જેમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ અંતર્ગત શાળામાં નવા પ્રવેશ પામેલા ૨૦ બાળકોને વિધિપૂર્વક તિલક કરી મોં મીઠું કરાવીને યુનિફોર્મ ભેટ આપી. આ વિશિષ્ટ કેળવણીનાં ક્ષેત્રમાં સ્વાગત કરવામાં આવેલ. તેમજ વેરી સ્પેશ્યલ આર્ટમાં ભાગ લીધેલ બાળકોને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ. સાથોસાથ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ.




આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી ભુપતભાઈ વ્યાસ ઉપસ્થિત રહેલ. તેમજ સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભાર વિધી શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ. સમગ્ર કાર્યક્રમ પ્રીન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન નીચે સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

### રમઝાન ઈદની ઉજવણી :-

**‘‘પ્રાર્થનાઓના આદાન-પ્રદાન દ્વારા એકતાની ભાવનાને સાકાર કરીએ’’**

ઉત્સવ પ્રત્યે માનવજાત જીવનને અને તેના આયામને જોડે છે. ઉત્સવનો સાદો અર્થ જ એ છે કે અન્ય સાથે હળવું-મળવું, એક-બીજાનાં સુખ-દુઃખ સમજવાનો પ્રયાસ કરવો અને સુખની અને દુઃખની સહિયારી ભાગીદારી કરવી. સમાજનાં બધા જ ખૂણામાં જઈને નીતી-સત્ય, મૂલ્યો અને અભીગમ સમજવા આમ તો દરેક તહેવાર પાછળ એક સંદેશ હોય છે. જે તહેવાર પછી એ માણસે જીવવાનો હોય છે.



આવો જ એક ઉપક્રમ શાળા દ્વારા તા. ૧૫/૦૭/૨૦૧૫ ના રોજ અંકુર શાળાના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ‘‘રમજાન ઈદ’’ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમ શ્રીરીયાઝભાઇ મેઘાણી (વેસ્ટર્ન પેટ્રો કેમીકલ્સ) ના અતિથિ વિશેષ પદે યોજાયેલ. જેમાં શાળાના બાળકો દ્વારા અલહમ્દુ શરીફનું પઠન કરવામાં આવેલ. ત્યારબાદ આવેલ મહેમાનોનું શાળાના માનદ્મંત્રીશ્રી અલ્પેશભાઇ શેઠ દ્વારા શાબ્દીક તેમજ પુષ્પગુચ્છ તથા સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

તેમજ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા ઈદનું મહત્વ સમજવવામાં આવેલ. ત્યારબાદ બધા જ બાળકોએ એક-મેકને મળી ઈદની મુબારકબાદી પાઠવી. હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં ઈદની ઉજવણી કરવામાં આવેલ.

શ્રીમતી મૃદુલાબેન પારેખ (પી. ડી. લાઈટ ઈન્ડસ્ટ્રીઝ) જેઓ દરેક બાળકોને ઈદ નિમિત્તે મોટાએ કંઈક આપવું જોઈએ એવા માનવીય એકતાનું ઝરણું વહેતુ રહે તેવા એક અભિગમથી લગભગ ૫૦,૦૦૦ રૂા. ની વસ્તુઓ આ મંદબુદ્ધિ બાળકોને ભેટ સ્વરૂપે આપી હતી અને તમામ બાળકો, વાલીઓને શુભેચ્છા પાઠવી અને સંસ્થાને આવા એકતાપૂર્ણ કાર્યક્રમ વધુ કરવાનું નિવેદન પણ કરેલ.

સામાન્ય રીતે આ મંદબુદ્ધિ બાળકો સમાજમાં એટલા પ્રસ્થાપિત નથી થતાં છતાં પણ માનવીય સંવેદનાને શોભે અને તેની સાચી ગરીમા જળવાઈ તેવી રીતે આ કાર્યક્રમ આ મંદબુદ્ધિ બાળકોએ ઉજવ્યો હતો. તેમજ મુની પેંડાવાળા શ્રી સમર્થભાઇ તરફથી બાળકોને ફાલુદા પીવડાવવામાં આવેલ તથા દરેક સ્ટાફ સભ્યોને શાળાના આચાર્યશ્રી મેઘજીખાન દ્વારા ફાલુદા પીવડાવવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ તથા આભાર વિધિ શ્રી રિધ્ધિબેન મહેતાએ કરેલ તથા કાર્યક્રમમાં શાળાનો ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ. શ્રી દેવેનભાઇ શેઠએ કહ્યું હતું કે લોકો જાગૃત થઈ આવા એકત્વની ઉજવણી કરે તેવા ઉપક્રમ વધુ ગોઠવીને સમાજને સુંદર બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન નીચે સફળતાપૂર્વક સંપન્ન થયેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક સ્ટાફ સભ્યોએ સરાહનીય કામગીરી બજાવેલ.

**સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી તા. ૧૫/૦૮/૨૦૧૫ :-**



સમગ્ર ભારત સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી રહ્યું હોય ત્યારે આપણે પણ આપણાં બાળકો સાથે હર વર્ષની જેમ ૬૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી હતી, જેઓ પોતાની વ્યકિતગત સ્વતંત્રતાની લડત સ્વયં જીવન સાથે આપી રહ્યા હોય તેવા બાળકો આ તહેવારનું મહત્વ વધુ યોગ્યતાથી સમજીશકે તેમ હોય છે.

આ સ્વતંત્રતા દિન ની ઉજવણી માં શાળાના બાળકો, શિક્ષકો, વાલીઓ, ટ્રસ્ટીઓ અને શુભેચ્છકો એ ઉત્સાહ પુર્વક ભાગ લીધો. શાળાના વિદ્યાર્થી. શ્રી વઘાશીયા આકાશ ના દાદી તથા દરેક પ્રસંગે અંકુર શાળામાં હાજર રહેતા અને અંકુર શાળા પ્રત્યે અનન્યભાવ રાખનાર પુ. પાર્વતીબાને હસ્તે ધ્વજ વંદન કરાયું શાળાના બાળકોએ વિવિધ રમતો રમી પર્વની ઉજવણીને આનંદીત કરી.

**રક્ષાબંધન પર્વની ઉજવણી :-**



સંબંધોને ઉજવવા, સંગાથની જ્યોત પ્રજવલીત કરવા, સામાજિક નિસ્બતના સથવારે,વર્ષોની મૈત્રીની રક્ષા કરવા,''રક્ષાપર્વ''ની ઉજવણી કરવા તા. ૨૮/૦૮/૨૦૧૫ના રોજ દરવર્ષની માફક આવર્ષપણ રોટરી કલબ (રોયલ) આવી હતી જેમાં તેમનાં શ્રી ડો. ભરતભાઇ નાકરાણી (પ્રમુખશ્રી, રોટરી રોયલ, ભાવનગર.), શ્રી પ્રાંજલ દેસાઈ (સેક્રેટરી, રોટરી રોયલ, ભાવનગર.) તથા સમગ્ર કલબના સભ્યો ઉપસ્થીત રહયા હતા. તથા નંદકુંવરબા મહીલા કોલેજ ની વિદ્યાર્થીનીઓ દ્વારા અંકુર શાળાના બાળકોને રક્ષાબંધન કરી રક્ષાપર્વની ઉજવણી કરવા માં આવી. રોટરી રોયલ કલબ દ્વારા બાળકોને ગીફટ તથા નાસ્તો આપવામાં આવેલ.

**જન્માષ્ટમી પર્વની ઉજવણી :–**

એક એવા ભગવાન જેમાં દંત કથામય ભવ્યતા છે, જેમા દેવી ચમત્કારી માનવીય સંવેદનાઓનો ઉત્સવ છે, જેનામાં યુધ્ધત્વ, બુધ્ધત્વ, સત્વ અને ન્યાયત્વનો સમન્વય છે, જે સિધ્ધાંતોનાં આધારે નાવિન્યપૂર્ણ જીવનને આવકારે, સ્વિકારે અને વ્યાખ્યાયિત કરે છે, તે કૃષ્ણ તત્વને ઉજવવા સૌ સાથે મળીને, આ મંદબુધ્ધિ બાળકોમાં રહેલા એ કૃષ્ણ તત્વને ખોજવાનો એક પ્રયાસ હર વર્ષ કરે છે,કૃષ્ણ જન્મોત્સવ એટલે આધ્યાત્મીક સામાજીક અને ધાર્મિક ત્રીવીધ પ્રકારની ઉજવણી નો ઉત્સવ જગત આખું જયારે જગદ્‌ગુરુ શ્રીકૃષ્ણ ની જન્મ જયંતિ ઉજવતું હોય ત્યારે 'અંકુર' પરિવાર પણ તેમાં આવશ્ય સામેલ થાયજ. અંકુરના આંગણે જન્માષ્ટમી પર્વની ઉજવણી તા. ૦૧/૦૯/૨૦૧૫ના રોજ કરવામાં આવી. મુખ્ય અતિથી તરીકે કૃષ્ણ ભકિતમાં સમર્પિત શેઠ બ્રધર્સ પરિવાર તથા શ્રી જયેન્દ્રભાઇ દોશી ભગવદ્ મંડળ ના પ્રમુખ શ્રી ઉપસ્થિત રહેલ. અંકુર શાળાના જ વિદ્યાર્થી ને નાનો કાનુડો બનાવી ઝુલે ઝુલાવવાનો તથા મટકી ફોડનો કાર્યક્રમ બધા બાળકો તથા મોટાઓ એપણ ઉત્સાહ પુર્વક માણ્યો, કૃષ્ણ ભકિત ના રસમાં રંગાઇ ને સહુ કૃષ્ણ ભકિતના ગીતો પર રાસ રમ્યા તથા કૃષ્ણ ના જન્મની વધાઇ એક બીજાને પાઠવી હતી.







**નવરાત્રી પર્વની ઉજવણી :-**

નવરાત્રી એટલે 'શકિત' આધ્યસ્વરૂપીણી, ત્રિભુવન તારીણી, ચાર દિશાની સમ્રાગીનિ, પંચતત્વમાં સમાવિષ્ટ છે તે, ષષ્ટીમાં નારાયણી છે તે, સપ્તપાતાળમાં સાવિત્રી ને સંધ્યા છે તે, અષ્ઠભૂજા ધારીણી છે તે, નવદુર્ગા સ્વરૂપીણી છે તે, દશ મહાવિદ્યાની દેવી છે તે, એકાદશે કાત્યાયની છે તે, બારશે બાળરૂપ ધારીણી છે તે, તેરશે તુલજા તારીણી છે તે, ચૌદલોકની અધિષ્ઠાત્રી છે તે, પૂનમે કરુણા સાંભળનારી છે તે, ''માં આધશકિત'' નાં ઉત્સવમાં, ''અંકુર'' નાં પ્રાંગણમાં શકિતનાં અવતરણ તા. ૧૭/૧૦/૨૦૧૫ના રોજ અંકુર

શાળા ની બાજુના ગ્રાઉન્ડ ઉપર મોટા પાયે ઉજવણી કરવામાં આવી, આપણામાં તથા વિશ્વમાં રહેલ 'શકિત' તત્વ ને આરાધવા નો ઉત્સવ આ નવ દિવસના પર્વ માં 'અંકુર' માં માતાજી ની સ્થાપના, પુજા-આરતી તથા ગરબે રમવાનો અનેરો ઉત્સાહ બાળકોમાં જોવા મળ્યો નવરાત્રી ની મધ્યમાં પાંચમા દિવસે આખા ગ્રાઉન્ડને સરસ રીતે સજાવવામાં આવ્યું તથા બાળકો, વાલીઓ, શિક્ષકો અને સ્ટાફ નો પરિવાર તથા આમંત્રીતો અને મહેમાનો એ માની આરતી ઉતારી અને અંધ ઉદ્યોગશાળાના બાળકોની ટીમ દ્વારા ગીત-સંગીત ના તાલે રાસ-ગરબા નો અનેરો આનંદ માણ્યો. આ અંધબાળકોએ પોતાની ક્ષમતા પ્રદર્શીત કરી તમામ મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા એક વિકલાગતા બીજી વિકલાગતાને જીવનથી સભર કરી શકે તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ પુરુ પાડયું હતુ આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે શ્રી નટવરભાઇ દેસાઇ (ચેરમેનશ્રી પી.એન.આર. સોસાયટી મુંબઇ), શ્રી દેવેનભાઇ શેઠ (શેઠ બ્રધર્સ), શ્રી ગીરીશભાઇ શાહ (ચેરમેનશ્રી અલંગ એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી) તથા શ્રી કેવટભાઇ જયંતભાઇ વનાણી (જય દેવી ફર્ટીલાઇઝર) ખાસ ઉપસ્થીત રહી બાળકોને પ્રોત્સાહીત કરેલ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી શ્રી દેવલભાઇ શાહ તથા મંત્રીશ્રી અલ્પેશભાઇ શેઠ તથા અંકુર નો સમગ્ર સ્ટાફ અને શિક્ષકો એ દિન-રાત જોયા વગર મહેનત કરી અને કાર્યક્રમ ને જવલંત સફળતા મળી.





## વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી




તા. ૦૩/૧૨/૨૦૧૫નાં રોજ ''વિશ્વ વિકલાંગ દિવસ'' નિમીતે પી.એન.આર. સોસાયટી સંલગ્ન દરેક શાળાઓના બાળકોની એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ. એ પહેલા મહાવીર ઓડિટોરીયમમાં તમામ વિકલાંગતા અંગેની જાગૃતિ માટે એક વિશિષ્ટ સ્લાઈડશોનું આયોજન કરેલ. જેમા મંદબુધ્ધિ બાળકો અને તેની સમસ્યા, કારણો ઉપાયો વગેરે બાબત પર શ્રી મેઘજીભાઈએ વિસ્તુત રસપ્રદ માહિતી આપેલ. તેમજ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના બાળકો તથા સ્ટાફ રેલીમાં જોડાયેલ. કલેકટરશ્રી બંછાનિધિ પાની સાહેબેફલેગ બતાવી રેલીનું પ્રસ્થાન કરાવેલ. વિશેષમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેલ.

## વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણી

''અંકુર'' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટશાળા દ્વારા દર વર્ષે નવી-નવી રીતે આ દિવસ ની ઉજવણી કરી સમાજમાં આ બાળકો પ્રત્યે જાગૃતિ આવે તેવા પ્રયાસ કરે છે અને તે દિવસ તેમનો છે તો તેમને ગમે તે રીતે ઉજવવો જોઇએ એટલે Maxus Fun Zoneમાં બધાજ બાળકોને લઇ ગયેલ જયાં તેમને વિવિધ રાઇડ્સ માં




બેસાડી તેનો આનંદ લીધેલ. ''અંકુર'' હંમેશા એવી પ્રવૃતિ કરવા માટે તત્પર રહે છે જે સુખથી આ મંદબુધ્ધિ બાળકો વંચિત રહેતા હોય સાથોસાથ Food Zone માં રેખા રેસ્ટોરન્ટ તરફથી ઢોસાની મજા માણેલ ડો. નિમિત ઓઝા તરફથી કેક મળેલ આ દિવસે બાળકો એ કેક કાપીને જન્મદિવસ હોય તેવો આનંદ કરેલ. શ્રી પ્રેમભાઇ કંડોલીયા તરફથી તમામ બાળકોને સ્વેટર આપવામાં આવેલ. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન શ્રી મેઘજીખાન સાયબાણી, શ્રી પારૂલબેન પાઠક અને શ્રી નેહલબેન ગઢવીએ કરેલ સમગ્ર સ્ટાફે ખૂબજ મહેનત કરી આ બાળકોના દિવસને સુંદર રીતે ઉજવવામાં મદદરૂપ નીવડયાં હતાં. આ ઉપરાંત આ દિવસ વિશે વધુ જાગૃતિ ફેલાવતા બે કાર્યક્રમો યોજાયા હતા જેમાં સમધારણ શાળાઓમાં આ વિકલાંગતા અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં ટી.બી. જૈન કન્યાશાળાની 11th ધોરણની વિદ્યાર્થીનીઓને શ્રી રેશ્માબેન શાહે મંદબુધ્ધિ વિશે ઉંડાણપૂર્વકની સમજ આપેલ અને હવે પછીની પેઢીમાં આ વિકલાંગતા કઇ રીતે અટકી શકે તેના વિશેની જાણકારી આપેલ અને શ્રી કે.આર. દોશી શાળામાં ધોરણ 8th અને 9th ના વિદ્યાર્થીઓને 'અંકુર' શાળાના શ્રી હરદીપભાઇ કામળીયાએ મંદબુધ્ધિ વિશે ખુબ સુંદર સમજ આપેલ અને વિદ્યાર્થીઓના હદયમાં આ વિકલાંગતા વિશે અસરકારકતા ઉપજાવેલ બંને શાળાના આચાર્યનો સહયોગ મળેલ.

## ઉત્તરાયણની ઉજવણી

તા. ૧૩/૦૧/૨૦૧૬ના રોજ શાળાની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ખાતે શાળાના બાળકો તેમજ સ્ટાફ મિત્રો દ્વારા પતંગોત્સવની ઉજવણી કરવામાં આવેલ, વિશેષમાં ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા દરેક બાળકોને પતંગ તેમજ ફિરકી આપવામાં આવેલ.






## પ્રજાસત્તાક પર્વની ઉજવણી


''અંકુર'' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવેલ જે અંતર્ગત શાળાના ભુતપુર્વ કર્મચારી તેમજ તાજેતરમાં પી.એસ.આઈ તરીકે પસંદગી પામેલ સુ.શ્રી કિંજલબેન ચોપડાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ ત્યારબાદ બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવેલ અને વિજેતા થયેલ બાળકોને ઈનામ આપવામાં આવેલ.

બાળકો માટેના ઈનામો તથા સમગ્ર કાર્યક્રમ ''માહી'' મીલ્ક તરફથી સ્પોન્સર કરવામાં આવેલ તથા કાર્યક્રમમાં માહી મીલ્કની ટીમના શ્રી સુશાંત જૈન અને અન્ય સભ્યોએ સક્રીય ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલ.



આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ. ધ્વજવંદન વિધિ શાળાના મદદનિશ શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ વિવિધ રમતોની તૈયારી મદદનિશ શિક્ષકશ્રી પારસભાઈ તેમજ હરદિપભાઈ એ કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તેમજ આભાર વિધિ શ્રી હરદિપભાઈ કામળીયાએ કરેલ. શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયેલ.

**ધુળેટી પર્વ ઉજવણી**



તા. ૨૨/૦૩/૨૦૧૬ના રોજ સંસ્થાના કોમ્યુનિટી હોલમાં રંગોત્સવની ઉજવણી કરેલ, તથા સંગીતની ધુન ઉપર ડાંસ કરી ખુબજ આનંદ મેળવેલ.

**૩.૨. પ્રવાસ : કુદરત સાથેનું તાદાત્મ્ય**

**મુંબઈ પ્રવાસ**

તા. ૦૩/૦૨/૨૦૧૬ થી ૦૭/૦૨/૨૦૧૬ દરમ્યાન પી.એન.આર. સોસાયટીની વિવિધ સંસ્થાઓના બાળકોનો મુંબઈ ખાતે પ્રવાસ યોજાયેલ જેમાં આપણી સંસ્થાના કુલ ૨૩ બાળકો તથા ૬ સ્ટાફ મિત્રોએ ભાગ લીધેલ મુંબઈના વિવિધ ફરવા લાયક સ્થળો તેમજ વિશેષમાં ઈમેઝીકા ખાતે બાળકોએ ખુબજ આનંદ મેળવેલ સમગ્ર પ્રવાસ દરમ્યાન મુંબઈ સ્થિત પી.એન.આર. સોસાયટીના દાતાઓ તેમજ શુભ ચિંતકોએ રહેવા જમવાની ખુબજ સરસ વ્યવસ્થા કરેલ.



### ગાંધીનગર ખાતે પ્રવાસનું આયોજન




તા. ૦૩/૦૩/૨૦૧૬ના રોજ ભાવનગર પુર્વના ધારાસભ્યશ્રી વિભાવરીબેન દવે ના પ્રયત્નોથી શાળાના કુલ ૬૮ બાળકો તથા સ્ટાફે ગુજરાત વિધાનસભા ભવન તેમજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની રૂબરૂ મુલાકાત લીધેલ. તથા દાંડી કુટીરની મુલાકાત લીધેલ. આ સમગ્ર મુલાકાત-પ્રવાસના આયોજન સંકલનમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી અને સમગ્ર સ્ટાફે સરાહનીય કામગીરી બજાવેલ. સમગ્ર આયોજનનું સંકલન આપણા કારોબારી સભ્યશ્રી દેવલભાઈ જે. શાહ દ્વારા કરવામાં આવેલ.

### રંગોલી હોટલ વરતેજ ખાતે પ્રવાસ



તા. ૦૭/૦૪/૨૦૧૬ના રોજ વરતેજ સ્થિત હોટલ રંગોલી ખાતે શાળાના બાળકો તથા સ્ટાફનો એક પ્રવાસ યોજાયેલ જેમા કુલ ૧૨૦ બાળકો તથા ૩૨ સ્ટાફ મીત્રોએ ભાગ લીધેલ. આ પ્રવાસ દરમ્યાન બાળકોએ ત્યાં ઉપલબ્ધ વિવિધ રાઈડસનો ખુબજ આનંદ માણેલ તથા અતી સુંદર ભોજનનો સ્વાદ માણેલ.

### ૩.૩. રમત-ગમત

- સ્ટેટ લેવલની હેન્ડ બોલ ફુટબોલ સ્પર્ધાઃ- તા. ૨૨ અને ૨૩ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે આ સ્પર્ધાઓનું આયોજન થયેલ 'અંકુર' ની ટીમમાં ૨૦ બાળકો આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ગાંધીનગર ગયેલા.
- આણંદ ખાતે તા. ૩૧/૧૦/૨૦૧૫ અને ૦૧/૧૧/૨૦૧૫ના રોજ રાજ્ય કક્ષાના સ્પેશ્યલ ઓલીમ્પીક નું આયોજન થયેલ તેમાં આપણી શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણી રમત-સ્પર્ધા ના ઓફીસીઅલ તરીકે તથા ચાર બાળકો એ સ્પર્ધા માં ભાગ લીધેલ. સ્પોર્ટ ટીચર શ્રી અવનીબેન દવે બાળકો સાથે ગયેલ.



**જિલ્લા કક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં 'અંકુર' શાળાની સિધ્ધિ**

તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ ભાવનગર શહેરના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં સ્થાનિક ''અંકુર'' મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના કુલ ૧૧૨ વિદ્યાર્થીઓએ વિવિધ એથ્લેટીકસ તથા ટીમ ગેઈમમાં ભાગ લઈ. ૮ ગોલ્ડ ૭ સિલ્વર તથા ૯ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનુ ગૌરવ વધારેલ ઉપરોકત વિદ્યાર્થીઓ આગામી સમયમાં બનાસકાંઠા ખાતે યોજાનાર રાજયકક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં ભાગ લેશે...

**૩.૪. અમારી અન્ય પ્રવૃત્તિઓ**

**૩.૪.૧. સહાય વિતરણ**

તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૫ ના રોજ ગુજરાત બેંકર્સ વર્કર્સ યુનિયન ભાવનગર જિલ્લા યુનિટ તરફથી સંસ્થાના બાળકો માટે યુનિફોર્મ સહાય પેટે રૂ. ૨૦,૦૦૦/- નું અનુદાન મળેલ. આ પ્રસંગે ગુજરાત બેંકર્સ યુનિયન તરફથી સર્વશ્રી પુનિતભાઇ ઓઝા, જયેશભાઈ ઓઝા, અશોકસિંહ જાડેજા, બાદ્રિકેશભાઇ બુચ તેમજ શાળાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

**યોગ શિબિર**

તા. ૧૬/૬ થી ૧૭/૬/૨૦૧૫ દરમ્યાન શાળાના બાળકો માટે બે દિવસીય યોગ શિબિરનું આયોજન વાલી મંડળના સક્રિય સભ્ય શ્રી રીટાબેન વોરા દ્વારા કરવામાં આવેલ. જેમાં બાળકોએ સુંદર રીતે યોગ કરેલ.



૨૧ જૂનનો દિવસ સમગ્ર વિશ્વમાં પ્રથમ 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવેલ. જેના ઉપક્રમે અંકુર શાળામાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત શાળાના સમગ્ર કર્મચારીઓ તથા બાળકો દ્વારા યોગ કરવામાં આવેલ. શાળાના થેરાપીસ્ટ શ્રી ભાવનાબેન અંધારીયા દ્વારા યોગના વિવિધ આસનો બાળકો સરળતાથી કરી શકે તે રીતે પ્રસ્તુત કરેલ.

**રેલ્વે કન્સેશન માટેનો મેડીકલ કેમ્પ**

સર ટી. હોસ્પીટલ ના સહયોગ થી બાળકો માટે રેલ્વે કન્સેસન મેળવવા જરૂરી I.Q. સર્ટીફીકેટ માટેનો કેમ્પ અંકુર ના કોમ્યુનિટી હોલમાં યોજાયો. આકેમ્પમાં ૧૧૦ બાળકોને તપાસી તેમને રેલ્વે કન્સેશન સર્ટી. આપવામાં આવ્યા. સમગ્ર કેમ્પ ને સફળ બનાવવા શાળા ના સ્ટાફ તથા ટ્રસ્ટી ગણે ખાસ મહેનત કરેલ. સર.ટી. હોસ્પીટલ તરફથી સાયકોલોજી ડીપાર્ટમેન્ટના હેડ શ્રી પંચાલ સાહેબ તથા તેમના સહયોગી ડોકટરોએ ખાસ ઉપસ્થીત રહી સેવા આપેલ. જેમા શ્રી હરદીપભાઇ કામળીયા અને શ્રી પારસભાઇ પરમાર ભારે જહેમત ઉઠાવી કેમ્પના આયોજન પછીનું ફોલોઅપ પણ સુંદર રીતે કરેલ છે.

**લીગલ સેલ દ્વારા કાયદાકીય માહીતી આપતો સેમીનાર**

તા. ૨૮/૧૦/૨૦૧૫ના રોજ ભાવનગર લીગલ સેલ દ્વારા મંદબુધ્ધિના બાળકોના વાલીઓને કાયદાકીય માહીતી આપતો તથા મફત કાનુની સલાહ મેળવવા માર્ગદર્શન આપતો કાર્યક્રમ યોજાઇ ગયો.




લીગલ સેલના અધ્યક્ષ જજશ્રી એ. એસ. ગઢવી સાહેબ તથા તેમના સહયોગીઓ દ્વારા કાયદાકીય માહીતી મફત કાનુની સલાહ મેળવવા માટેની પધ્ધતિ વિશે માહીતી આપવામાં આવેલ સેમીનારમાં ૧૦૫ વાલીઓ એ હાજર રહીને માહીતી નો લાભ મેળવ્યો.

### વાલીઓના સીટીગ રૂમનું ઉદ્‌ઘાટન

'અંકુર' માં આવતા અમુક બાળકોનાં વાલીઓએ શાળામાં સતત હાજર રહેવું જરૂરી હોય, તેમને શાળા ના કમ્પાઉન્ડમાં વૃક્ષોની છાયા નીચે ખુલ્લામાં બેસવું અને સમય પસાર કરવો પડતો. વાલીઓની આ અગવડતા ને ધ્યાને લઇ તેમની સુવિધા માટે શાળા ના પાછળના ભાગમાં પ્લાસ્ટીક શીટ થી કવર કરેલ સીટીંગ રૂમ ટ્રસ્ટીશ્રી દેવલભાઇ શાહના પ્રયત્નોથી બનાવવામાં આવ્યો. આ સીટીંગ રૂમ માં બેસવા માટેના બેન્ચીઝ, લાઇટ, પંખા વોટર કુલર જેવી સુવિધા ઓ આપવામાં આવેલ છે. આ સીટીંગ રૂમનું ઉદ્‌ઘાટન PNR સોસાયટીના ચેરમેન શ્રી નટવરભાઇ દેસાઇના વરદ હસ્તે તા. ૧૪/૧૦/૨૦૧૫ નવરાત્રી ના બીજા દિવસે કરવામાં આવ્યું.





### સક્ષમ ભાવનગર

સક્ષમ ભાવનગર અંતર્ગત તા. ૨૪ જાન્યુઆરીના રોજ સમાજ સુરક્ષા ખાતા ધ્વારા યશવંતરાય નાટયગૃહ ખાતે સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત આપણી શાળાના બાળકોએ કૃતિ રજુ કરી ઉપસ્થિત પ્રેક્ષકોની દાદ મેળવેલ. કાર્યક્રમનું સંકલન શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કરેલ.સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ. તેમજ 'અંકુર' ટીમની સરાહનીય કામગીરી બદલ સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

## રેલ્વે કન્સેશન આઈ કાર્ડ

સંસ્થાના માનદ્ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હકાણીના પ્રયત્નોથી વિકલાંગ બાળકોને હવે પોસ્ટથી રેલ્વે કન્સેસન આઈ કાર્ડ મળશે. આ માટે અરજીમાં એડ્રેસ જણાવવું જરૂરી છે. D.R.M./M.I.S.C./2016 તા. ૦૨/૦૩/૨૦૧૬ ના પત્ર થી D.R.M. દ્વારા વિકલાંગ લોકોને પડતી તકલીફની નોંધ લઈ ઉપરોકત સુવિધા પુરી પાડવા માટે બાંહેધરી આપેલ.

## રોડનું ખાત મુર્હત

તા. ૦૬/૦૨/૨૦૧૬ના રોજ શાળાની બહારના રોડનું ખાત મુર્હત યોજવામાં આવેલ, આ પ્રસંગે ભાવનગર મ્યુનિસીપલ કોર્પોરેશનના મેયરશ્રી નિમુબેન બાંભણીયા સરદારનગર વોર્ડના કોર્પોરેટરશ્રીઓ તેમજ સંસ્થાના તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહેલ, વિશેષમાં શાળાના O.S. શ્રી પ્રમોદભાઈ ગાંધીએ આ રોડની મંજુરી માટે સરાહનીય કામગીરી બજાવેલ.



# ૪ : અમારી ગુણોપાસનાની સમાજે લીધેલી નોંધ

